©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVI] THURSDAY, 18th SEPTEMBER, 2025/BHADRA 27, 1947 [No. 6237

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

અધિસુચના

નમુનો-ક

જુઓ નિયમ-૫

જેતપુર-નવાગઢ વિસ્તાર વિકાસ સત્તામંડળ

જેતપુર-નવાગઢ નગરપાલિકા

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬

જે.મ્યુ. સર્વે જા.નં. ૫૦૭/૨૦૨૫.–જેતપુર-નવાગઢ વિસ્તાર વિકાસ સત્તામંડળે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૯ ની જોગવાઇ હેઠળ જેતપુર-નવાગઢ વિસ્તાર વિકાસ સત્તામંડળના વિસ્તાર માટે આ સાથે જોડેલી અનુસુચિમાં વર્ણવેલ દ્વિતિય પુનરાવર્તિત મુસદ્દારૂપ વિકાસ યોજનાનો મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીને સાદર કરેલ છે. તેથી હવે સદરહું અધિનિયમની કલમ-૧૩ ની પેટા કલમ-૧ અનુસાર આથી નોટીસ આપવામાં આવે છે કે ગુજરાત રાજ્યના રાજ્યપત્રમાં આ અધિસુચનાની પ્રસિધ્ધ થવાની તારીખથી બે માસની (૬૦ દિવસ)મુદત સુધીમાં કોઇપણ વ્યક્તિને આ દ્વિતિય પુનરાવર્તિત મુસદ્દારૂપ વિકાસ યોજનાની દરખાસ્તને લગતા વાંધા સુચનો કરવાના હોય તો વાંધા સુચનો લેખિત રીતે બે નકલમાં નીચે સહી કરનારને/સતામંડળને રજુ કરી શકશે. વાંધા-સુચનો મળ્યેથી દ્વિતિય પુનરાવર્તિત મુસદ્દારૂપ વિકાસ યોજના વાંધા સુચનો સહિત સરકારશ્રીમાં અધિનિયમની કલમ-૧૬(૧) હેઠળ સાદર કરવામાં આવશે.

અનુસુચિ

જેતપુર-નવાગઢ વિસ્તાર વિકાસ સત્તામંડળની દ્વિતિય પુનરાવર્તિત મુસદ્દારૂપ વિકાસ યોજનાના મુસદ્દા સાથે ઉકત અધિનિયમની કલમ-૧૩(૨) હેઠળ નીચેની વિગતો પ્રસિધ્ધ કરવામાં આવે છે.

૧. જેતપુર-નવાગઢ વિસ્તાર વિકાસ સત્તામંડળની દ્વિતિય પુનરાવર્તિત મુસદ્દારૂપ વિકાસ યોજનાનો અહેવાલ.

૨. જેતપુર-નવાગઢ વિસ્તાર વિકાસ સત્તામંડળના વિસ્તારનો સુચિત વિકાસ યોજનાની દરખાસ્ત દર્શાવતો નકશો.

૩. જેતપુર-નવાગઢ વિસ્તાર વિકાસ સત્તામંડળની વિકાસ યોજના તૈયાર કરવા માટે કરેલ હયાત જમીન વપરાશની વિગતો દર્શાવતો નકશો.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૧૦ અન્વયે ઉપરોકત જેતપુર-નવાગઢ વિસ્તાર વિકાસ સત્તામંડળની દ્વિતિય પુનરાવર્તિત મુસદ્દારૂપ વિકાસ યોજનાની નકલ જેતપુર-નવાગઢ વિસ્તાર વિકાસ સત્તામંડળ (જેતપુર-નવાગઢ નગરપાલિકા) ની કચેરીમાં જાહેર રજાના દિવસો સિવાય કચેરીના કામકાજના દિવસોએ કચેરીના સમય દરમિયાન જાહેર જનતાને જોવા માટે ખુલ્લી રાખેલ છે.

સહી/- અવાચ્ય
ચીફ ઓફીસર
જેતપુર-નવાગઢ નગરપાલિકા

સહી/- અવાચ્ય
ચેરમેન
જેતપુર-નવાગઢ વિસ્તાર વિકાસ સત્તામંડળ

Signature Not Verified
Signed by:SUBIR KUMAR GHOSH
Date: 2025.09.19 15:16:05 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Rajkot